ડિફેન્સ એક્સ્પો - ૨૦૨૨ અંતર્ગત

મહાત્મા મંદિર ખાતે વૈશ્વિક QA પ્રેક્ટિસ વિષય પર પરિસંવાદ યોજાયો

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૨૦

સ્વદેશી સંરક્ષણ સાધનોનું વિશ્વ કક્ષાએ વેચાણ કરવા માટે તેની ગુણવત્તા સાથે વિશ્વસનીયતા હોવી ખૂબ જરૂરી છે, તેવું આજરોજ ડિફેન્સ એક્સ્પો- ૨૦૨૨ અંતર્ગત મહાત્મા મંદિર ખાતે યોજાયેલ 'વૈશ્વિક QA પ્રેક્ટિસ' વિષય પર યોજાયેલ પરિસંવાદમાં સંરક્ષણ રાજ્ય મંત્રી અજય ભટ્ટે જણાવ્યું હતું

વસુદેવ કુટુંબની ભાવના આપણી સંસ્કૃતિ છે, સંરક્ષણ સાધનો માત્ર આપણા માટે જ નહીં, પરંતુ આપણા પાડોશી દેશોને પણ ઉપયોગી થઈ શકે તેવા વિશ્વસ્તરીય ગુણવત્તાવાળા સરક્ષણ સાધનોનું ઉત્પાદન કરવું ખૂબ જરૂરી છે. આપણે આ દિશામાં અગ્રેસર છીએ, રક્ષા મંત્રાલય દ્વારા ડિફેન્સ સાધનોના ઉત્પાદન માટે અનેક નીતિ બનાવી છે. તેમજ ઉત્પાદનની ગુણવત્તા માટે કંપનીને જવાબદાર કરી રહ્યા છીએ. તેની સાથે ગુણવત્તાવાળા સંરક્ષણ સાધનોના પરીક્ષણ માટે દેશમાં આઠ સ્થળોએ રક્ષા પરીક્ષણ કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. લખનઉ ખાતેના રક્ષા પરીક્ષણ કેન્દ્ર વિકસાવવામાં આવ્યું છે. તેમ જ આ કેન્દ્ર ખાતે ડિફેન્સ સાધનોની ગુણવત્તા અને અન્ય અભ્યાસ કરવા માટેની સુવિધાઓ પણ આગામી સમયમાં ઉભી કરવામાં આવશેતેમણે જણાવ્યું હતું કે સીપરી નામની વૈશ્વિક સંસ્થા જે વિશ્વ કક્ષાએ લશ્કરનો સર્વે કરી તેનો રિપોર્ટ બહાર પાડે છે. જે સંસ્થા દ્વારા વિશ્વના ૨૫ દેશોમાં ભારતનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં પ્રથમ વાર ભારત દેશનું નામ આવ્યું છે, તેની પાછળનું મુખ્ય કારણ સંરક્ષણ સાધનોમાં આપણી ગુણવત્તા અને વિશ્વસનીયતા છે. જો ગુણવત્તા અને વિશ્વસનીયતા નબળી હોત તો આપણે વિશ્વના ૨૫ અગ્રેસર દેશોમાં આપણા નામનો સમાવેશ થતો ન હોત.

તેમણે ઉમેર્યું હતું કે સ્વદેશી સંરક્ષણ સાધનોના વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ બજેટમાં ૬૮% સંરક્ષણ સાધનોની ખરીદી સ્વદેશી ઉત્પાદનોની કરવા માટે નક્કી કરવામાં આવ્યું છે. જેના થકી અનેક સંરક્ષણ સાધનો બનાવતી સ્વદેશી નાની મોટી કંપનીઓને પ્રોત્સાહન મળી રહ્યું છે. વર્ષ ૨૦૨૧- ૨૨ માં રક્ષામંત્રાલય નું બજેટ ૧૩ હજાર કરોડ રૂપિયા હતું આગામી ૨૦૨૫ સુધીમાં આ બજેટ ૩૫ હજાર કરોડ સુધી પહોંચાડવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૫ સુધીમાં સંરક્ષણ ઉત્પાદનને ૨૨ બિલિયન ડોલર સુધી વધારવાનું લક્ષ્ય : રક્ષામંત્રી રાજનાથસિંહ

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૨૦

ગાંધીનગરમાં ખાતે રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહે ૧૨મી ડિફેન્સ એક્સપો-૨૦૨૨ ના ભાગ રૂપે આયોજિત ઈન્વેસ્ટ ફોર ડિફેન્સ - રોકાણકાર આઉટરીચ ઈવેન્ટ દરમિયાન ભારપૂર્વક જણાવ્યું હતું કે, ૨૦૨૫ સુધીમાં ભારતમાં સંરક્ષણ ઉત્પાદન ૧૨ બિલિયન ડોલરથી વધારીને ૨૨ બિલિયન ડોલર કરવાનો લક્ષ્યાંક છે. જે આગામી વર્ષોમાં સંરક્ષણ ઉદ્યોગને વૃદ્ધિ માટે અપ્રતિમ તકો પૂરી પાડશે. તેમણે ભારતીય સંરક્ષણ ક્ષેત્રમાં સ્થાનિક ઉદ્યોગ અને વિદેશી ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સને ભારતીય સંરક્ષણ ક્ષેત્રનો ભાગ બનવા અને વૈશ્વિક પુરવઠા શૃંખલાઓને એકીકૃત કરવાની તકનો લાભ લેવા આમંત્રિત કર્યા હતા. ભારતીય સંરક્ષણ ઉદ્યોગ માટે આ એક સુવર્ણ સમય છે.

ભારતીય સંરક્ષણ ઉદ્યોગની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા રક્ષામંત્રીએ કહ્યું કે, સ્થાનિક ઉદ્યોગોએ ફાઇટર એરક્રાફ્ટ, એરક્રાફ્ટ કેરિયર, મેઇન બેટલ ટેન્ક અને એટેક હેલિકોપ્ટર બનાવીને તેની ક્ષમતાઓ દર્શાવી છે અને આ પ્રોજેક્ટ્સ દ્વારા ઇકોસિસ્ટમ બનાવવાનો અનુભવ મેળવ્યો છે. આ અનુભવ ભવિષ્યની પેઢીઓ માટે સંરક્ષણ શસ્ત્રો/સિસ્ટમોને ટેકો આપવા અને વિકસાવવામાં મદદ કરશે. તેમણે ડિફેન્સ એક્સપો-૨૦૨૨ને વર્તમાન અને સંભવિત રોકાણકારો માટે ભારતીય સંરક્ષણ ઉદ્યોગની અસાધારણ વૃદ્ધિનો એક ભાગ બનવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ ગણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, સંરક્ષણ ક્ષેત્રમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટના ધોરણોને ઓટોમેટિક રૂટ દ્વારા ૭૪ % અને સરકારી રૂટ દ્વારા ૧૦૦% સુધી ઉદાર કરવામાં આવ્યા છે અને શેરબજારોમાં વેપાર પારદર્શક બન્યો છે, જેનાથી સંરક્ષણ કંપનીઓને પણ ફાયદો થયો છે.

સંરક્ષણ ક્ષેત્રમાં ખાનગી રોકાણકરોને પ્રોત્સાહિત કરવા માટે સરકારે સંરક્ષણ બજેટનો ચોથો ભાગ ઉદ્યોગની આગેવાની હેઠળનાને સમર્પિત કર્યો છે. સંરક્ષણ ક્ષેત્રમાં સ્થાનિક ઉદ્યોગની ભાગીદારી વધારવા માટે, સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે સ્થાનિક ખરીદી માટે સંરક્ષણ મૂડી સંપાદનના ૬૮% અનામત રાખ્યા છે, જે અંદાજે રૂ. ૮૫,૦૦૦ કરોડ છે અને આમાંથી ૨૫% સ્થાનિક પ્રાઇવેટ ઉદ્યોગ માટે આરક્ષિત કરવામાં આવ્યા છે. આ તમામ પગલાંએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં સંરક્ષણ નિકાસની વૃદ્ધિમાં પરિણામ આપ્યું છે.

શ્વાનની મદદથી પકડાઇ ટોળકી : વાહનની જેમ ટ્રેનના એન્જિનમાંથી થતી હતી ડીઝલની ચોરી

ભૂજ,તા.૨૦

વાહનોમાંથી પેટ્રોલ અને ડીઝલ ચોરી થવા વિશે તો તમે સાંભળ્યુ જ હશે, પરંતુ કચ્છના સુરબારી રેલવે સ્ટેશન પર માલગાડીના એન્જિનમાંથી ડીઝલ ચોરી કરનારા ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના રેલવે સુરક્ષા બળને જાણકારી મળી હતી કે કચ્છના આ સ્ટેશન પર આ પ્રકારની ગતિવિધી થાય છે. શ્વાનની મદદ લઈને પોલીસે ૨૯ હજારથી વધારે કિંમતના મુદ્દામાલ સાથે ચાર લોકોને પકડી પાડ્યા હતા. ઘટનાની વિગતવાર વાત કરવામાં આવે તો સુરબારી સ્ટેશન પર રાતના સાડા દસ વાગ્યે માલવાહક ટ્રેન ઉભી રહેતી હતી, જેમાંથી ડીઝલ ચોરી થતું હોવાની જાણકારી મળી હતી. સેલ્ફ ઈન્સપેક્ટર, RPF, માલિયા મિયાણાનો સ્ટાફ આ જાણકારી મળ્યા પછી ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અહીં જ્યારે લોકો પાયલટ અને તૈનાત ગાર્ડ સાથે મળીને તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે, માલગાડીની ફ્યુલ ટેંકનું ઢાંકણુ ક્ષતિગ્રસ્ત છે. ટ્રેનના ડ્રાઈવરે જણાવ્યું કે, ટાંકીમાંથી પાઈપની મદદથી ડીઝલ કાઢવામાં આવ્યુ હતું અને તેમને લગભગ ૨૦૦ લીટર ડીઝલ ભરેલા બે ડ્રમ પણ મળી આવ્યા હતા. ડ્રાઈવરે અંધારુ હોવાને કારણે ટોર્ચ મારી તો જોયું કે અમુક લોકો ભાગી રહ્યા હતા. સ્થળ પર જરૂરી કાર્યવાહી કર્યા પછી ૪૨૦ લીટર ચોરીના ડીઝર ભરેલા ૨ ડ્રમ જપ્ત કરવામાં આવ્યા હતા અને ત્યારપછી ચોરને પકડવાની કાર્યવાહી તાત્કાલિક ધોરણે શરુ કરવામાં આવી હતી. RPF કંટ્રોલ રુમ અમદાવાદ અને કાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર સાથે સંકલન કર્યા પછી ટ્રેકર ડોગને બોલાવવામાં આવ્યા હતા. આ શ્વાનોએ ચોરીમાં ઉપયોગમાં લેવામાં આવેલા સાધનોને સૂંઘ્યા હતા અને ત્યાર પછી તેના આધારે શોધતા શોધતા સુરબારીના એક ઘર નજીક જઈને અટકી ગયા હતા. આસપાસના લોકો તેમજ અન્ય બાતમીદારોની મદદથી પૃષ્ટિ કરવામાં આવી હતી કે શ્વાને જે ઘર પર શોધ પૂરી કરી તે પરિણામ સાચુ હતું. ઘરની અંદર પણ ડીઝલની વાસ આવતી હતી. તેમની જ્યારે પૂછપરછ કરવામાં આવી તે સ્વીકાર્યું કે ચાર શખ્સોએ ભેગા મળીને માલગાડીના એન્જિનમાંથી ડીઝલની ચોરી કરી હતી. આ ચોર જ્યારે ઘટનાને અંજામ આપી રહ્યા હતા ત્યારે એક કર્મચારી આવી જતા ૨ ડ્રમ ડીઝલ, પ્લાસ્ટિકની પાઈપ, લોખંડનો સળિયો, હથોડી વગેરે છોડીને ભાગી ગયા હતા. પરંતુ ૩૦ લીટર ડીઝલ ભરેલ એક ડબ્બો તેઓ સાથે લઈ જવામાં સફળ રહ્યા હતા.

આ તહેવારોની મોસમમાં ભારત એમેઝોન પર ખરીદી કરે છે; સેંકડો નાના અને સ્થાનિક વિક્રેતાઓ કરોડપતિ બન્યા

● એમેઝોને આજે જાહેરાત કરી છે કે તેના મહિના-લાંબા ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ ૨૦૨૨માં Amazon.in પર તેના વિક્રેતાઓ અને બ્રાન્ડ ભાગીદારો માટે અત્યાર સુધીની સૌથી મોટી શોપિંગ ઉજવણી જોવા મળી છે, જે દેશભરના લાખો ગ્રાહકોને આનંદ આપે છે. GIF2022 ૨૨મી સપ્ટેમ્બરની મધ્યરાત્રિએ પ્રાઇમ અર્લી એક્સેસ સાથે શરૂ થયો અને ૨૩ સપ્ટે.ના રોજ તમામ ગ્રાહકો માટે લાઇવ થયો. ગ્રાહકોને Amazon.in પર વિક્રેતાઓ તરફથી કરોડો પ્રોડક્ટની પસંદગી પસંદ આવી, જેમાં લાખો નાના અને મધ્યમ વ્યવસાયો ના અનન્ય ઉત્પાદનોનો સમાવેશ થાય છે. અમે આ તહેવારોની સિઝનમાં ગ્રાહકોને સેવા આપવા અને સમગ્ર ભારતમાં વેચાણકર્તાઓને સક્ષમ કરવા માટે અત્યંત નમ્ર છીએ. નાના અને મધ્યમ ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, કારીગરો અને મહિલા સાહસિકોએ સમગ્ર ભારતમાં અમારા ગ્રાહકોને ઉત્પાદનોની વિશાળ પસંદગી ઓફર કરી હતી. ખાસ કરીને ટિયર ૨-૩ શહેરોમાંથી આ ફેસ્ટિવ સીઝનમાં નવા પ્રાઇમ મેમ્બર સાઇન-અપમાં વધારો થવાથી અમને આનંદ થયો છે અને ગ્રાહકો તેમના પસંદગીના ઓનલાઈન શોપિંગ ડેસ્ટિનેશન તરીકે એમેઝોન પર તેમનો વિશ્વાસ વધુ મજબૂત કરવાનું ચાલુ રાખે છે. આ વર્ષે એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ માટે અમારા ગ્રાહકોએ 'એમેઝોન સે લિયા'નો પડઘો પાડ્યો, એમેઝોન ઈન્ડિયાના કન્ટ્રી મેનેજર મનીષ તિવારીએ જણાવ્યું. overall સ્કેલ, પહોંચ અને ગ્રાહક પ્રતિસાદ ભારતે Amazon.in પર ૯૯.૬% સેવાયોગ્ય પિન કોડ પર પેકેજ વિતરિત કરીને સુરક્ષિત રીતે ખરીદી કરી; લદ્દાખ પ્રદેશમાં સુરપોલ ગામ સૌથી દૂર છે ગ્રાહકોએ એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલનો અનુભવ અંગ્રેજી, હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ, બાંગ્લા અને મરાઠીમાં કર્યો અને સાથે હિન્દી અને અંગ્રેજીમાં વોઇસ શોપિંગ કર્યું પ્રાઇમ ગ્રાહકોને રોમાંચિત કરવાનું ચાલુ રાખે છે ૨૦૨૧ વિરુદ્ધ 1.2x વધુ પ્રાઇમ મેમ્બર સાઇન અપ કરે છે; અગરતલા, બેલ્લારી, કટક, વારંગલ, જલગાંવ અને ભીલવાડા સહિતના ટિયર ૨-૩ નગરો/શહેરોમાંથી આવતા ૫માંથી ૩ સાઇનઅપ પ્રથમ ૩૬ કલાકમાં પ્રાઇમ સાઇન અપનો સૌથી વધુ સિંગલ ડે મેળવ્યો.

તહેવારોની સિઝનમાં ખરીદી કરનારા ૨માંથી ૧ પ્રાઇમ મેમ્બર ટાયર ૨ અને ૩ નગરમાંથી છે. ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 'સેલર-બ્રેશન્સ' ૩૫,૦૦૦ થી વધુ વિક્રેતાઓએ તેમનું અત્યાર સુધીનું સૌથી વધુ સિંગલ-ડે વેચાણ જોયું; ૬૫૦ થી વધુ વિક્રેતાઓ કરોડપતિ અને ૨૩,૦૦૦ વિક્રેતાઓ લાખપતિ બન્ય. સમગ્ર ભારતમાં ૭૦% થી વધુ વેચાણકર્તાઓ ટાયર ૨-૩ નગરો અને શહેરોમાંથી આવ્યા હતા ૪,૦૦૦ થી વધુ વિક્રેતાઓએ ૫૩ અને તેથી વધુની વેચાણ વૃદ્ધિ જોઈ; અમારા વિક્રેતાઓ દ્વારા દર સેકન્ડે ૨૫ ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવ્યું હતું જેમાં ઘર, વસ્ત્રો, સૌંદર્ય અને રસોઇ કેટેગરી SMB માટે લોકપ્રિય છે.

પ્રેમ પ્રકરણમાં બ્લેકમેઇલિંગ

વડોદરાના વેપારીએ વિધર્મી પરિણીતા સાથે પ્રેમ કર્યો અને બદલામાં તેને મોત મળ્યુ

વડોદરા,તા.૨૦

વડોદરા શહેરના જુની આરટીઓ ઓફિસ પાસે રહેતા મયુર નાનજીભાઇ પટેલને ફતેપુરા મારવાડીના ડેલામાં રહેતા દરવેશ સલીમ મલેકની પત્ની સલમા સાથે પ્રેમસંબંધ હતો. આ વાતની જાણ પતિ દરવેશને થતાં તેને મયુરને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યુ હતું અને આશરે સાડા ચાર લાખ રૂપિયા પડાવ્યા હતાં. આટલેથી ન અટકતા દરવેશ હજી પણ વધુ રકમની માંગણી કરતો અને મયુરને કોઈને કોઈ રીતે માનસિક ત્રાસ આપતો. જેથી જ તેના ત્રાસથી કંટાળી જઇ યુવા વેપારી મયુરે ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી.

આશાસ્પદ યુવા વેપારી મયુરે અચાનક આપઘાત કરી લેતા આખો પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો.પરિવાર ના સભ્યો દ્વારા મૃત્યુ અંગે તપાસ કરતા મયુર હની ટ્રેપ નો શિકાર થયો હોવાનું સામે આવ્યું હતું જેથી મયુર પટેલનાં પિતાએ સમગ્ર મામલાની જાણ સિટી પોલીસ સ્ટેશન માં કરી હતી. જેથી સિટી પોલીસના પોલીસ ઇન્સ્પેક્ટર દ્ધ.દ્ર લાઠીયા દ્વારા સમગ્ર મામલાની ઝીણવટ ભરી તપાસ હાથ ધરતાં કેટલાક ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા હતા.પોલીસ તપાસમાં વેપારીના આપઘાત પાછળ પ્રેમ પ્રકરણમાં થતું બ્લેકમેઇલિંગ સામે આવ્યું હતું. જેથી જ સિટી પોલીસ દ્વારા વેપારી ને આપઘાત માટે મજબૂર કરનાર પ્રેમિકા સલમા મલેકના પતિ દરવેશ મલેકની ધરપકડ કરવામાં આવી હતી અને ઉઠક બેઠક કરાવી કાયદાના પાઠ ભણાવવામાં આવ્યા હતા.મહત્વનું છે કે, દરવેશ મલેક દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી મયુર પટેલને બદનામ કરવાની ધમકીઓ આપી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને અત્યાર સુધી પત્ની સાથે આડા સબંધના નામે ધમકી આપી ૪.૫૦ લાખ જેટલી રકમ પડાવી લેવામાં આવી હતી. જેથી પોલીસે દરવેશ મલેકની ધરપકડ કરી તેની પાસેથી રોકડ સહિત ઘાતક હથિયાર કબ્જે કર્યુ છે. વેપારીને આપઘાત માટે મજબૂર કરનાર દરવેશને હાલ જેલ હવાલે કરી દેવામાં આવ્યો છે. તો સાથે જ પોલીસ દ્વારા મૃતક મયુર પટેલ સાથે પ્રેમ સબંધ રાખનાર દરવેશની પત્ની સલમા મલેકની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

કાશ્મીર ખીણમાં ૬૦૦ થી વધુ હાઈબ્રીડ આતંકવાદી સક્રિય

શ્રીનગર, તા.૨૦

કાશ્મીર ખીણમાં પ્રવાસી મજૂરો અને કાશ્મીરી પંડિતોના ટાર્ગેટ કિલિંગને લઈને મોટો ખુલાસો થયો છે. કાશ્મીર ખીણમાં સક્રિય હાઈબ્રિડ આતંકવાદીઓ અને વિદેશી આતંકવાદીઓ વચ્ચેનું કનેક્શન સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કાશ્મીર ખીણમાં હાલમાં ૬૦૦થી પણ વધુ હાઈબ્રિડ આતંકવાદીઓ સક્રિય છે. વિદેશી આતંકવાદીઓ આ હાઈબ્રિડ આતંકવાદીઓની મદદ કરી રહ્યા છે. તેમનો ઉદ્દેશ્ય પરપ્રાંતિય મજૂરો અને પંડિતોને ટાર્ગેટ કરીને ખીણમાં દહેશત ફેલાવી રહ્યા છે. સુરક્ષા દળો અને કાશ્મીર પોલીસ સતત આતંકવાદીઓની યોજનાને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કરી રહી છે. હાઈબ્રિડ આતંકવાદીઓની આ ભૂમિકા છેલ્લા ૧૦ મહિનામાં ઉજાગર થઈ છે.

ટાટા એઆઇએએ ભારતીય ઉપભોક્તાઓને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ સર્વાંગી સુખાકારી પ્રોગ્રામ વાઇટાલિટી પ્રસ્તુત કર્યો

● ભારતમાં અગ્રણી જીવન વીમાકંપની ટાટા એઆઇએ લાઇફ ઇન્સ્યોરન્સ એ વિશિષ્ટ વેલનેસ પ્રોગ્રામ -ટાટા એઆઇએ વાઇટાલિટી- પ્રસ્તુત કરવાની સાથે એના જીવન વીમા સોલ્યુશન્સની રેન્જ વધારી છે. ટાટા એઆઇએ વાઇટાલિટી એના રાઇડર પેકેજીસ, વાઇટાલિટી પ્રોટેક્ટ અને વાઇટાલિટી હેલ્થ દ્વારા ઉપલબ્ધ છે. આ સાથે ટાટા એઆઇએએ ભારતમાં ઉપભોક્તાઓ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ વાઇટાલિટી પ્લેટફોર્મ પ્રસ્તુત કર્યું છે, જે ૪૦ દેશોમાં ઉપલબ્ધ છે અને છેલ્લાં ૨૫ વર્ષમાં ૩૦ મિલિયન વ્યક્તિઓને માટે લાભદાયક રહ્યું છે. ઉપયોગ-કરવામાં-સરળ મોબાઇલ એપ દ્વારા સુલભ ટાટા એઆઇએના પોલિસીધારકો એનો ઉપયોગ હેલ્થ ચેક-અપ્સનો લાભ લેવા અને વેલનેસ પ્રવૃત્તિઓ અપનાવવા કરી શકે છે, જેથી તેમને સ્વસ્થ જીવનશૈલીમાંથી લાભ પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત ઉપભોક્તાઓને આગોતરું ડિસ્કાઉન્ટ અને તેમના પ્રીમિયમ રિન્યૂઅલ પર લાભ મળે છે. ટાટા એઆઇએ વાઇટાલિટી વેલનેસ પ્રોગ્રામ ડેટા સંચાલિત એનાલીટિકલ ટૂલ્સનો ઉપયોગ કરે છે, જેથી ઉપભોક્તાઓને સર્વાંગી સુખાકારી માટે આવશ્યક પગલાં લેવામાં મદદ મળે છે. ઉપભોક્તાઓ ટાટા એઆઇએની ટર્મ, સેવિંગ અને રિટાયર્મેન્ટ માં વીમાયોજનાઓ સાથે ઉપલબ્ધ રાઇડર્સ ખરીદીને આ સર્વાંગી વેલનેસ પ્લેટફોર્મનો લાભ લઈ શકે છે. બેઝ વીમાપોલિસીની સાથે વધારાના પ્રીમિયમ સ્વરૂપે નાની રકમની ચુકવણી કરીને ઉપભોક્તાઓ રાઇડર્સ મેળવીને કિંમતી લાભો મેળવે છે. વાઇટાલિટી પ્રોટેક્ટ રાઇડર ઉપભોક્તાઓને તેમનું ટર્મ વીમાકવચ વધારવાના વિકલ્પ ઉપરાંત અકસ્માતમાં મૃત્યુ, અકસ્માતમાં સંપૂર્ણ અને કાયમી વિકલાંગતા જેવા બનાવો સામે વિસ્તૃત વીમાકવચ પ્રદાન કરે છે. વાઇટાલિટી હેલ્થ રાઇડર લાંબા ગાળાની ગંભીર બિમારી સામે વીમાકવચ અને કોઈ પણ સારવાર માટે હોસ્પિટલમાં સારવાર લેનાર વીમાધારકને દરરોજ કેશ જેવા ફાયદા આપે છે. આ પ્રસંગે ટાટા એઆઇએ લાઇફ ઇન્સ્યોરન્સના પ્રેસિડન્ટ અને ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર વેંકી એયરે કહ્યું હતું કે, ટાટા એઆઇએમાં અમે ઉપભોક્તા સાથે લગાવના અમારા મૂલ્ય દ્વારા સંચાલિત છીએ. અમે ઉપભોક્તાઓની બદલાતી જરૂરિયાતોને સુસંગત રીતે સતત પરિવર્તન કરીએ છીએ તથા નવીન અને ગ્રાહકકેન્દ્રિત સોલ્યુશનની પ્રસ્તુતતા સુનિશ્ચિત કરીએ છીએ. વાઇટાલિટીની પ્રસ્તુતતા પેયરમાંથી પાર્ટનર બનવાનાં અમારા પરિવર્તનમાં મહત્વપૂર્ણ પગલું છે. આ જાહેરાત પર વાઇટાલિટી ગ્લોબલના સીઇઓ બેરી સ્વાર્ત્ઝબર્ગે કહ્યું હતું કે, અમને વાઇટાલિટી પ્રોગ્રામની પહોંચ વધારવા અને લાખો લોકોને સ્વસ્થ બનાવવાની એની ક્ષમતા વધારવા ટાટા એઆઇએ સાથે જોડાણ કરવા પર બહુ ગર્વ છે. અમારા માટે આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, કારણ કે વીમા માટે વાઇટાલિટી સાથે સંબંધિત દેશોની યાદીમાં ભારતનો સમાવેશ અમારા માટે દુનિયાભરમાં ૪૦મું બજાર છે. આ પહેલ પર ટાટા એઆઇએના બ્રાન્ડ એમ્બેસેડર નીરજ ચોપરાએ કહ્યું હતું કે, સ્વસ્થ અને ચપળ હોવાનું મહત્વ પર્યાપ્ત ન હોય એવું બની શકે છે. સ્વસ્થ હોવું એ ફિઝિકલ ફિટનેસ કરતાં વિશેષ બાબત છે અને તેમાં માનસિક, ન્યૂટ્રિશનલ અને સામાજિક ફિટનેસ સહિત તમામ પાસાં સામેલ કરવાની જરૂર છે. મને ભારતમાં ટાટા એઆઇએ વાઇટાલિટી શરૂ કરવામાં સામેલ થવા પર ગર્વ છે.

પશ્ચિમ રેલ્વે

ઇ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર એસ/૩૩/૨૦૨૨
તારીખ ૨૦.૧૦.૨૦૨૨

અ.નં.	આઇટમનું ટૂંકું વર્ણન	જથ્થો	ટી.ઓ.ડી.
૫૨૯	સ્વિંગ ડોર ૪૦૦ સેટની સંપૂર્ણ એસેમ્બલી	૪૦૦ સેટ	૩૧-ઓક્ટો-૨૨
૫૩૦	T ૫૨૪ F, રિઝર્વેશન ફોર્મ માટે અરજી, કદ-૮.૫ X ૧૨ ઇંચ / A-૪ કદ	૮૦૦૫૨૦૦ નંગ	૦૨-નવે-૨૨
૫૩૧	ફ્લેક્સ બોલ કેબલ	૫૫ નંગ	૦૨-નવે-૨૨
૫૩૨	K પ્રકાર નોન એસ્બેસ્ટોસ કોમ્પોઝિટ બ્રેક બ્લોક	૨૮૦૩૦ નંગ	૦૩-નવે-૨૨
૫૩૩	ડ્રગ એલ્યુર્ટીંગ કોરોનરી સ્ટેન્ટ સિસ્ટમ-કોબાલ્ટ ક્રોમિયમ એલોય સિરોલિમસ તમામ કદ સાથે	૧૨૫ નંગ	૦૭-નવે-૨૨
૫૩૪	સ્પીડ સેન્સર માટે કીટ	૨૯૮નંગ	૦૮-નવે-૨૨
૫૩૫	બાઉન્ડેડ રબર સેન્ડવિચ માઉન્ટિંગ	૧૨૬૬નંગ	૦૮-નવે-૨૨
૫૩૬	કેસનબ બોગીઝ માટે સંશોધિત એલાડટોમેરિક પેડ	૨૪૦૮૦નંગ	૦૮-નવે-૨૨
૫૩૭	W.W.Govern માટે ૬ વાર્ષિક મેન્ટેનન્સ કિટ	૨૦ સેટ	૦૯-નવે-૨૨
૫૩૮	મેન્યુઅલ મેટલ આર્ક.	૨૩૨૧૭૬ મીટર	૧૧-નવે-૨૨
૫૩૯	ઔદ્યોગિક સંકુચિત ઓક્સિજન ગેસ	૧૨૧૪૯૬ કમ	૧૭-નવે-૨૨
૫૪૦	લેધર ડક્ટ એર બેલો એસેમ્બલી- ટ્રેક્શન મોટર એર ડક્ટ થી DLW pt નંબર ૧૭૪૫૨૨૬૦ માટે ફ્લેક્સિબલ	૧૦૫ નંગ	૧૮-નવે-૨૨

વિગતવાર સૂચના ઇએમડી, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in ની મુલાકાત લો

મુખ્ય ચીફ મટીરીયલ્સ મેનેજર વતી

0834

લાઇક કરો: facebook.comNVesternRly ફોલો કરો twitter:com/WesternRly

જેએમ ફાઇનાન્સિયલ હોમ લોન્સ લિ.
કોર્પોરેટ ઓળખ નંબર: U65999MH2016PLC288534
રજીસ્ટર ઓફિસ: ૭મો માળ, સીનર્જી, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, લિ. મુંબઈ ૪૦૦ ૦૨૫.

JM FINANCIAL HOME LOANS

કબજાની સૂચના
(સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૧) હેઠળ)

જ્યારે જેએમ ફાઇનાન્શિયલ હોમ લોન લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરેલ છે, જેની ૭મા માળે નોંધાયેલ ઓફિસ છે, સીનર્જી,અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ - ૪૦૦૦૨૫, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ નું ૫૪) હેઠળ અને નિયમ ૩ ના કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ માટે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ એ અહીં ઉલ્લેખિત તારીખની ડિમાન્ડ નોટિસ જારી કરી છે, જેમાં નીચેના ઋણ લેનારાઓને નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું છે, જે નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર અહીં ઉલ્લેખિત છે. નીચેના ઋણ લેનારાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી નીચેના ઋણ લેનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે જેમણે કલમ ૧૩ ની પેટા કલમ (૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતોનો કબજો મેળવ્યો છે. અધિનિયમના સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે અહીં ઉલ્લેખિત તારીખે વાંચો:

ઋણ લેનાર/સહ-ઉધાર લેનારાઓ/ જામીનદારોનું નામ અને લોન એકાઉન્ટ નંબર	ડિમાન્ડ નોટિસ અને બાકીની તારીખ	સત્તાવર મિલકતનું વર્ણન	કબજાની તારીખ
પ્રણવ યુ નેન્સોનિયા રીપલ પલ્લવ નેન્સોનિયા વિશા પ્રણવ નેન્સોનિયા પલ્લવ ઉપેન્દ્રભાઈ નેસોનૈયા મેસર્સ પી યુ નેન્સોનૈયા અને કો HRJT૨૧૦૦૦૧૫૮૯૩	જુલાઈ ૨૮, ૨૦૨૨ રૂ. ૧,૩૭,૪૩,૩૫૩/- (રૂપિયા એક કરોડ તેત્રીસ લાખ ત્રેતાલીસ હજાર ત્રણસો ત્રેપન માત્ર)	સર્વે નંબર ૪૧૦, નવો સર્વે નંબર ૫૪૦ અને ૫૪૧,ખાતા નંબર ૮૬૬, ટીપી સ્કીમ નંબર ૧, એફપી નંબર ૫૬,ડુપ્લેક્સ નંબર ૧૫ અને ૧૩, અશોક વાટિકા બિલ ગામ, બીએચ શિલ્પર કંપની, વડોદરા, ગુજરાત - ૩૯૧૪૫૦. સર્વે નંબર ૪૧૦, જૂનો સર્વે નંબર ૫૪૦ અને ૫૪૧, ખાતા નંબર ૮૬૬, ટીપી સ્કીમ નંબર ૧, એફપી નંબર ૫૬, ડુપ્લેક